# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

***************************************************

1) સોમનાથ અમૃત પર્વમાં સહભાગી થતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 1951ના સોમનાથ મંદિરના પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદ્ઘોષ ગણાવ્યો.

2) પ્રધાનમંત્રીએ કહ્યું, સોમનાથ અમૃત પર્વ આવનારા એક હજાર વર્ષ માટે દેશની પ્રેરણાનો મહોત્સવ.

3) સોમનાથ મંદિરના ઇતિહાસમાં પહેલી વાર મંદિરને 11 તીર્થસ્થળથી લવાયેલા પવિત્ર જળથી અભિષેક કરાયો.

4) પ્રધાનમંત્રીએ વડોદરામાં રાજ્યના ત્રીજા સરદારધામ પરિસરનું લોકાર્પણ કર્યું.

5) રાજ્યના કેટલાક જિલ્લામાં આગામી 15 તારીખ સુધી હીટવૅવની સંભાવના.

6) ગાંધીનગરમાં આજથી ઍશિયન સિનિયર વૅઇટલિફ્ટિંગ ચેમ્પિયનશીપનો પ્રારંભ – પહેલા જ દિવસે ભારતીય ખેલાડીએ કાંસ્ય ચંદ્રક જીત્યો.

..........................................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM SOMNATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આજે ભારત આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. તેમાં સાંસ્કૃતિક વારસાની મહત્વની ભૂમિકા છે. પ્રભાસપાટણમાં “સોમનાથ અમૃત પર્વ” નિમિત્તે આજે જાહેરસભા સંબોધતા શ્રી મોદીએ કહ્યું, સાંસ્કૃતિક સ્થળો વર્ષોથી ભારતની ઓળખ રહ્યાં છે. તેમણે ઉમેર્યું, 75 વર્ષ પહેલા વર્ષ 1951માં આજના દિવસે સોમનાથ મંદિરની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા એ સાધારણ અવસર નહતો, પરંતુ તે ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદ્ઘોષ હતો.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) - SOMNATH

પ્રધાનમંત્રીએ આ પર્વને આવનારા એક હજાર વર્ષ માટે દેશની પ્રેરણાનો મહોત્સવ ગણાવતા કહ્યું, સોમનાથ મંદિર આપણને યાદ અપાવે છે કે, કોઈ દેશ ત્યારે જ અસ્તિત્વમાં રહી શકે જ્યારે તેનો વારસો જળવાઈ રહે. તેમણે કહ્યું, સોમનાથ મંદિરના પુનઃનિર્માણની હજારો વર્ષોની આ આધ્યાત્મિક ચેતના માનવ માત્રને કલ્યાણની શીખ વિશ્વને આપી રહી છે.

શ્રી મોદીએ વધુમાં કહ્યું, તીર્થસ્થળોનો વિકાસ ભારતની આર્થિક પ્રગતિ સાથે જોડાયેલો છે. તેમણે સોમનાથ સહિતના સાંસ્કૃતિક વારસાની જાળવણી અને હજારો વર્ષની પરંપરાને આગળ ધપાવવાની જવાબદારી નવી પેઢીને સોંપવા પર પણ ભાર આપ્યો.

શ્રી મોદીએ સોમનાથ મંદિરની સેવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કરનારાં હમીરજી ગોહિલ, પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકર જેવી મહાન વિભૂતિઓનું પણ સ્મરણ કર્યું હતું.

# SOMNATH AMRUT PARVA

**પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરના પુનઃનિર્માણને 75 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે "સોમનાથ અમૃત પર્વ"ની ઉજવણી થઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ આજે આ પર્વમાં સહભાગી થયા. તેમણે મંદિરમાં ભગવાન સોમનાથની મહાપૂજા, કુંભાભિષેક અને ધ્વજારોહણ કરી લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરી. દરમિયાન સૂર્યકિરણ ઍરોબેટિક્સ ટીમે સોમનાથના નભમાં રજૂ કરેલા દિલધડક કરતબે સૌને મંત્રમુગ્ધ કર્યાં. ઉપરાંત વાયુસેનાના બે ચેતક હેલિકૉપ્ટર્સ દ્વારા મંદિર શિખર પર પુષ્પવર્ષા પણ કરવામાં આવી. આ સાથે સોમનાથમાં ધર્મભક્તિ, દેશભક્તિ અને સૈન્યશક્તિનો અનેરો સંગમ જોવા મળ્યો.**

## (VOICECAST: RITA DAVE)

(... સોમનાથ અમૃત પર્વની ઉજવણીમાં સહભાગી થવા ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો. પ્રધાનમંત્રીની સાથે ભક્તોએ પણ આજે મંદિરમાં વિશેષ દર્શન કર્યાં. આ સાથે જ સોમનાથ મંદિરના ઇતિહાસમાં પહેલી વાર 11 તીર્થસ્થળમાંથી લવાયેલા પવિત્ર જળનો મંદિરને અભિષેક કરાયો હતો. આ પહેલા શંખ અને ડમરુંના નાદ તથા અમૃતકળશ સાથે પ્રધાનમંત્રીનું ભવ્ય સ્વાગત-અભિવાદન કરાયું હતું. આસ્થાના અધિષ્ઠાતા સોમનાથ મહાદેવ દેવાલયમાં ડમરુંના નાદ સાથે મંદિરમાં હરહર મહાદેવનો નારો ગૂંજી ઉઠ્યો હતો. દરમિયાન શ્રી મોદીએ સોમનાથ દિવ્ય દેવાલયના સ્વપ્નદ્રષ્ટા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પહેલા પ્રધાનમંત્રીએ હમીરજી ગોહિલ સર્કલ સુધી ખૂલ્લી જીપમાં એક કિલોમીટરનો રોડ શૉ કરી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ શ્રી મોદીની સાથે જીપમાં જોવા મળ્યા હતા.) રિટા દવે, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.

# VADODARA SARDARDHAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના બીજા દિવસના પ્રવાસ દરમિયાન વડોદરામાં અંદાજે 150 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા રાજ્યના ત્રીજા સરદારધામ પરિસરનું લોકાર્પણ કર્યું. આ સમારોહમાં પાટીદાર સમાજના અગ્રણીઓએ શ્રી મોદીને વિવિધ ભેટ આપી તેમનું સન્માન કર્યું. શ્રી મોદી થોડીજ ક્ષણમાં જાહેર સભાને પણ સંબોધશે.

આ પહેલા શ્રી મોદીએ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાઅંજલી અર્પણ કરી. તેમણે સ્વાગત ક્ષેત્ર, ભોજન ક્ષેત્ર અને ઈ-પુસ્તકાલયનું નિરીક્ષણ કર્યું. ત્યારબાદ શ્રી મોદી રોડ શો કરશે, દરમિયાન આસામના પરંપરાગત નૃત્ય બીહુથી શ્રી મોદીનું સ્વાગત કરાશે.

ઉલ્લેખનીય છે કે સરદારધામમાં બે હજાર વિધાર્થીઓ માટે છાત્રાલયની સુવિધાની સાથે કેન્દ્રીય ભોજનાલય, પુસ્તકાલય અને સભાખંડ જેવી સુવિધાઓ હશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

---------------------------------------------------------------------------

**DESK**

# WEATHER FORECAST

હવામાન વિભાગે આવતીકાલથી 15 તારીખ સુધી રાજ્યના કેટલાક જિલ્લામાં હીટવૅવ એટલે કે, ઉષ્ણ લહેર રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. સત્તાવાર યાદી મુજબ, આ સમયગાળા દરમિયાન ગરમીમાં પણ રાહત મળવાની શક્યતા નહીંવત્ છે. ત્યારબાદ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સૅલ્સિયસ ઘટી શકે છે.

દરમિયાન ગત 24 કલાકમાં સૌથી વધુ 45 ડિગ્રી સૅલ્સિયસ તાપમાન સુરેન્દ્રનગર અને કંડલા વિમાનમથક પર નોંધાયું. જ્યારે અમરેલી, રાજકોટ, કેશોદ અને વડોદરામાં 44 ડિગ્રી, તો અમદાવાદ, ડીસા, ગાંધીનગર અને ભુજમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ રહ્યાના અહેવાલ છે.

# BK NAKLI GHEE

બનાસકાંઠામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા એક હજાર 444 કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો કબજે કરાયો. ડીસામાં ઘીનું ઉત્પાદન અને વેચાણ કરતી ત્રણ પેઢીમાં તપાસ કરાતા શંકાસ્પદ ઘીના ચાર નમૂના લેવાયા હતા. તંત્ર દ્વારા આઠ લાખ 27 હજાર 490 રૂપિયાનો એક હજાર 444 કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરાયો. આ ત્રણેય પેઢી પરવાનગી વગર વેપાર કરતી હોવાનું પણ તપાસમાં જણાયું છે. આ અંગે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે

# REV CENTRE VB G RAM G

**દેશભરમાં વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ માટે બાંહેધરી – જી રામ જી અધિનિયમ 2025 આગામી પહેલી જુલાઈથી અમલમાં આવશે. કેન્દ્ર સરકારે તેના અમલીકરણ માટે જાહેરનામું બહાર પાડ્યું છે.**

## (VOICECAST: HEMANGINI SONARA)

(..... દરેક નાણાકીય વર્ષમાં 125 દિવસની રોજગાર બાંહેધરીનો વિકસિત ભારત જી રામજી અધિનિયમ ગ્રામીણ ભારતને સશક્ત બનાવશે. ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું, દેશભરમાં નવા માળખાના અમલીકરણ માટે વર્તમાન નાણાકીય વર્ષમાં 95 હજાર 692 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. મહિલા શ્રમિકોની ભાગીદારીને પ્રોત્સાહન આપવા આ અધિનિયમમાં કાર્યસ્થળો પર બાળકોની સારસંભાળ માટે મહત્વની જોગવાઈ છે. પાંચ વર્ષથી ઓછી વયના પાંચ કે તેથી વધુ બાળકોની ઉપસ્થિતિમાં તેમની સારસંભાળ માટે એક મહિલા શ્રમિકને નિયુક્ત કરાશે. તેનો ઉદ્દેશ કાર્યને અવિરત યથાવત્ રાખવામાં મહિલાઓને સક્ષમ બનાવવાનો છે. જ્યારે કાર્યસ્થળને વધુ સમાવિષ્ટ અને મહિલાઓની જરૂરિયાતો પ્રત્યે વધુ સંવેદનશીલ બનાવવાનો છે.)

હેમાંગીની સોનારા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.

# BVR FAMILY HIMACHAL ACCIDENT

હિમાચલ પ્રદેશના મનાલીમાં એક માર્ગ અકસ્માતમાં ભાવનગરના છ લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, મનાલી–બેલા રાજમાર્ગ પર કાર ખીણમાં ખાબકતા એક જ પરિવારના પાંચ સભ્ય અને ચાલક સહિત કુલ છ લોકોના મોત નીપજ્યા. જ્યારે આ દુર્ઘટનામાં ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સ્થાનિક હૉસ્પિટલ ખસેડાયા છે. કારચાલકે કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હોવાનું જણાયું છે.

# GNR WEIGHTLIFTING CHAMPIONSHIP

ગાંધીનગરમાં આજથી એશિયન સિનિયર વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશીપનો પ્રારંભ થયો. પહેલાં જ દિવસે ભારતીય ખેલાડી કોમલ કહારે કાંસ્ય ચંદ્રક જીતીને ભારતને પહેલો ચંદ્રક અપાવ્યો. 48 કિલો વજન વર્ગમાં મહિલા ખેલાડીએ આ સિદ્ધિ મેળવીને વેઇટલિફ્ટિંગ ક્ષેત્રમાં નવા ઉત્સાહનો સંચાર થયો છે.

ઉલ્લેખનીય છે કે, મહાત્મા મંદિર ખાતે આગામી 17 તારીખ સુધી યોજાનારી આ સ્પર્ધામાં ભારતના 16 ખેલાડી સહિત 31 એશિયન દેશના 200 ખેલાડી અને તેમના 200 જેટલા મદદનીશ કર્મચારીઓ ભાગ લેશે. આ સ્પર્ધામાં 50 વિશિષ્ટ મહેમાન પણ ઉપસ્થિત રહેશે.

# SNR CHILD MARRIAGE

સુરેન્દ્રનગરમાં વહીવટી તંત્ર દ્વારા કાયદેસર રીતે સગીરાના લગ્ન અટકાવાયા. લીંબડી તાલુકાના દેવપુરા ગામની સગીરાનાં લગ્ન ધોળકા તાલુકાના સરગવાળા ગામના યુવક સાથે થવાના હોવાની માહિતી મળતી તંત્ર દ્વારા સ્થળ પર પહોંચી લગ્ન અટકાવાયા. અભયમ્ 181 હેલ્પલાઈન, ચાઈલ્ડ હેલ્પલાઈન અને પાણશીણા પોલીસના સંયુક્ત સહકારથી આ કાર્યવાહી કરવામાં આવી. અધિકારીઓએ સ્થળ પર બંને પક્ષને બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ 2006ની કડક જોગવાઈઓથી માહિતગાર કર્યા હતા.